**રેગ્યુલર સમરી સીવીલ દાવા નં.૪૦૦/૨૦૧૫ ના કામે આંક–૧૨ લગત હુકમ.**

(૧) પ્રતિવાદી તરફે આંક–૧૨ ની લીવ ટુ ડીફેન્સની અરજી વંચાણે લીધી. વાદી તરફે તેમના વિ.વ.શ્રીએ રજૂ રાખેલ લેખિત દલીલ આંક–૧૪ ની ધ્યાને લીધી અને રેકર્ડ ધ્યાને લીધું.

(૨) એ નોંધનીય છે કે આ કામ પ્રતિવાદી તરફે તેમના વિ. વકીલશ્રી હાજર નથી કે પ્રતિવાદી પણ હાજર નથી કે કોઇ અરજી આ કામે રજૂ થયેલ નથી. (૨.૧) જ્યારે વાદી તરફે તેમના વિ. વકીલશ્રી હાજર છે અને તેમની લેખિત દલીલ મુજબ રજૂઆત છે તેમ જણાવેલ છે.

(૩) આમ, ઉપરોક્ત સઘળી રજૂઆત તેમજ રેકર્ડ ધ્યાને લીધું. પ્રતિવાદી તરફે એક બચાવ એવો લેવામાં આવેલ છે કે સદર કામની શરૂઆત વડોદરા મુકામે થયેલી હોય જેથી આપ નામદાર કોર્ટને હકુમત લાગુ પડતી નથી. જ્યારે વાદી તરફેની રજૂઆત મુજબ કામકાજ અંગેનો કરાર અમદાવાદ ખાતે થયેલ છે તેથી મજકૂર દાવો સાંભળવાને નામદાર કોર્ટને હકુમત છે. વધુમાં પ્રતિવાદી તરફે એક બચાવ એવો લેવામાં આવેલ છે કે વર્ક ઓર્ડર મુજબ તથા નક્કી થયેલ શરતો મુજબ વાદીએ કામ પૂર્ણ કરેલ નથી તેમજ કામગીરી માટેના સામાન્ય ધારા ધોરણો મુજબની ગુણવત્તાનું કામ કરેલ નથી તેમજ સદર કરારની શરતો મુજબ જે કામ પૂર્ણ થયેલ ન હોય અગર ખામીયુક્ત કામગીરી હોય તો તેના નાણાં ચુકવવામાં આવશે નહી તેવી શરતથી વાદી સારી રીતે વાકેફ છે. જેથી પ્રતિવાદીએ જે બચાવ લીધેલ છે તે ધ્યાને લેતા તેમને બચાવની તક આપવી જોઇએ તેમ માનવુ ન્યાયોચિત જણાય છે. જેથી સઘળી હકીકત અને સંજોગો ધ્યાને લઇ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) આ કામના પ્રતિવાદીની આંક–૧૨ થી રજૂ લીવ ટુ ડીફેન્સની અરજી મંજૂર કરવામાં આવે છે અન બિન શરતી બચાવ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

(૩) સદર કામને રેગ્યુલર દિવાની મુકદમા નંબર આપવા યોગ્ય કરવું.

હુકમ આજ રોજ તા. ૨૩મી, માહે– જૂન, સને – ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં  વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૩.૦૬.૨૦૨૧

(કુ. જ્યોતિબેન માધવલાલ ચૌહાણ)
છઠ્ઠા એડી. સીની. સીવીલ જજ
અમદાવાદ(ગ્રામ્ય), મિરઝાપુર અમદાવાદ.
યુ.આઇ.ડી. કોડ નં. ૦૦૭૨૮

રીના જે.ગોહેલ